# નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ

**ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૪/૨, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૬૫૫**

## મહારાજા સયાજીરાવ ગાયકવાડ સાહિત્ય પ્રકાશન યોજના જાહેરાત વર્ષ ૨૦૨૫-૨૬

**: જાહેરાત :**

અનુસૂચિત જાતિના સાહિત્યકારો સર્જકો, સંશોધકો અને પી.એચ.ડી. ધારકોને અનુસૂચિત જાતિઓની વિવિધ સમસ્યાઓ સંબંધિત લખાણો અને સાહિત્યના પ્રકાશન માટે રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર) સુધીની સહાય આપવામાં આવે છે. આ યોજના અન્વયે અનુસૂચિત જાતિઓની વિવિધ સમસ્યાઓ સંબંધિત મૌલિક લખાણો અને સાહિત્યના પ્રકાશન માટે જ સહાય મળી શકશે, કોઈપણ અનુવાદ માટે સહાય મળી શકશે નહિ, આ યોજનાના નિયત અરજી પત્રક સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીમાંથી અથવા આ કચેરીમાંથી તેમજ આ કચેરીની વેબસાઈટ http://sje.gujarat.gov.in/dscw પરથી ડાઉનલોડ કરીને મેળવી શકાશે. નિયત નમૂનાના અરજીપત્રકમાં સંપૂર્ણ વિગતો/આધારસહ તથા અરજદારશ્રીએ પ્રકાશિત કરવા માંગતા હોય તેવા મૌલિક લખાણની નકલ સાથે આ કચેરીને તા. ૨૧/૦૭/૨૦૨૫ થી તા. ૨૦/૦૯/૨૦૨૫ સુધીમાં મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બાદ મળેલ આવેદનપત્રો રદ ગણાવામાં આવશે. આવેદનપત્ર સાથે અનુસૂચિત જાતિના પ્રમાણપત્રની નકલ તથા અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબની નકલો અવશ્ય જોડવાની રહેશે. અગાઉ લાભ મળેલ હોય તેવી વ્યક્તિએ અરજી કરવાની રહેશે નહિ.

(રચિત રાજ)
**નિયામક**
**અનુસૂચિત જાતિ કલ્યાણ**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

અરજીપત્રક મોકલવાનું સરનામું : નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૨, ડો.જીવરાજ મહેતાભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

માહિતી/૯૦૬/૨૦૨૫-૨૬

ગુજરાત સરકાર

સત્યમેવ જયતે

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

## મહારાજા સયાજીરાવ ગાયકવાડ અનુસૂચિત જાતિ સાહિત્ય પ્રકાશન યોજના હેઠળ અનુ.જાતિનાલેખકો, સાહિત્યકારો અને પી.એચ.ડી. ધારકોને તેમના સાહિત્યના પ્રકાશન માટે નાણાકીય સહાય મેળવવા માટેનું અરજીપત્રક

પાસપોર્ટ સાઈઝ ફોટો ચોટાડાવો

(૧) અરજદારશ્રીનું નામ (અટક પહેલા લખવી) :

(૨) અરજદારશ્રીનું પૂરેપુરૂ સરનામું

(ફોન નં./મોબાઈલ નં. અવશ્ય લખવો) :

(૩) અરજદારશ્રીનું કાયમી સરનામુ :

(૪) અરજદારશ્રીની જાતિ :

(૫) સાહિત્ય સર્જનની પ્રવૃત્તિ

કેટલા સમયથી કરો છો ? :

(૬) (અ) આ યોજના હેઠળ અગાઉ સહાય મેળવવા અરજી કરેલ હોય તો તેની વિગત:

| ક્રમ | વર્ષ | કૃતિનું નામ |
|---|---|---|
| ૦૧ | | |
| ૦૨ | | |
| ૦૩ | | |

(બ) આ યોજના હેઠળ અગાઉ સહાય મેળવેલ હોય તો તેની વિગત :

| ક્રમ | વર્ષ | કૃતિનું નામ | સહાયની રકમ |
|---|---|---|---|
| ૦૧ | | | |
| ૦૨ | | | |

(૭) કેવા પ્રકારનું સાહિત્ય પ્રસિદ્ધ કરવા માંગો છો ? :
તેની ટૂંકી વિગતો .
(નોંધ :- આપ જે કૃતિ/પુસ્તક પ્રકાશિત કરવા માંગતા હોય તેની હસ્તપ્રત અરજી સાથે અચૂક મોકલવાની રહેશે.)

(૮) કયા પ્રકાશન દ્વારા પ્રસિધ્ધ કરવાના છો ? :

(૯) પ્રકાશન પાછળ અંદાજીત થનાર ખર્ચ :

(૧૦) કૃતિ/પુસ્તક કેટલા સમય સુધીમાં પ્રસિદ્ધ થશે. :

સ્થળ :

તારીખ : અરજદારશ્રીની સહી

## મહારાજા સયાજીરાવ ગાયકવાડ અનુસૂચિત જાતિ સાહિત્ય પ્રકાશન યોજના અન્વયે અનુ.જાતિનાલેખકો, સાહિત્યકારો અને પી.એચ.ડી. ધારકોને તેમના સાહિત્યના પ્રકાશન માટે નાણાકીય સહાય આપવા અંગેના નિયમો

સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૨/૦૫/૨૦૦૨ના (૧) ઠરાક ક્રમાંક : એસસીડબલ્યૂ/૧૦૦૧/ન.બા.૧૪/ગ, (૨) ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યૂ/૧૦૦૧/ન.બા.૧૪/ગ, તા.૧૭/૦૭/૨૦૦૮ થી અનુસૂચિત જાતિના સાહિત્યકારો, સર્જકો અને પી.એચ.ડી. ધારકોને તેમના લખાણ પ્રસિદ્ધ કરવા માટે રૂ. ૧૦,૦૦૦/- (રૂા. દસ હજાર પુરા) સુધીની સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.આ યોજના અંગેની શરતો નીચે મુજબ છે.

(૧) અનુસૂચિત જાતિઓની વિવિધ સમસ્યાઓ સંબંધિત લખાણો અને સાહિત્યના પ્રકાશન માટે જ સહાય મળવાપાત્ર રહેશે.

(૨) આ સહાય કેવળ મૌલિક લખાણો માટે જ મળી શકશે. અન્ય કોઈપણ અનુવાદ માટે કે અગાઉ કોઈપણ જગ્યાએ પ્રસિદ્ધ થયેલ લખાણોના સંકલન માટે સહાય મળી શકશે નહીં.

(3) શરતો :

(ક) સહાય માટે પાત્ર ઠરેલી હસ્તપ્રત માટે વધુમાં વધુ રૂા. ૧૦,૦૦૦/- (રૂા. દસ હજાર પુરા)ની મર્યાદામાં હસ્તપ્રતની ૫૦૦ નકલોના મુદ્રણ અંગે કરેલા ખરેખર ખર્ચના ૭૫ ટકા સહાય આપવામાં આવશે. પરંતુ કોઈ પણ કિસ્સામાં સહાયની રકમ રૂ. ૧૦,૦૦૦/- (રૂા. દસ હજાર) થી વધશે નહીં. મંજૂર કરાયેલ સહાયની રકમમાંથી કૃતિ પ્રકાશિત કરી તેના મુદ્રણ અંગેના વાઉચર નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણને રજુ કરવાના રહેશે.

(ખ) પ્રગટ કરેલી કૃતિની નકલોની સંખ્યા ૫૦૦ કરતા ઓછી હોવી જોઈએ નહીં.

(ગ) પ્રગટ કરેલી કૃતિની ૧૫ નકલો વિનામૂલ્યે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરમાં જમા કરાવવાની રહેશે.

(ઘ) "સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકારની નાણાકીય સહાયથી પ્રકાશિત કર્યું" એવી ઋણ સ્વિકારની પંક્તિ અંદરના મુખપૃષ્ઠની પાછળ સ્પષ્ટ રીતે છપાવવાની રહેશે.

(ચ) પ્રગટ કરેલ કૃતિમાં કોઈ જાહેરાત કે કોઈ પ્રકારનો વેપાર વિષયક સંદેશો લઈ શકાશે નહીંતેમજ કોઈ વિવાદ ઊભો થાય કે સુરૂચિનો ભંગ થાય તેવું સરકારે પ્રતિબંધિત કર્યા હોય તેવા શબ્દો પ્રયોજીત કરી શકાશે નહીં.

(છ) આ યોજના હેઠળ સહાય મંજૂર કરવામાં આવી હોય તેવી હસ્તપ્રતમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની પૂર્વમંજૂરી સિવાય કોઈ સુધારો કરી શકાશે નહીં.

**(જ) હસ્તપ્રત મંજૂરીના હુકમની તારીખથી એક વર્ષમાં કૃતિ/પુસ્તક પ્રગટ કરવાનું રહેશે. સમયમર્યાદામાં કૃતિ/પુસ્તક પ્રગટ નહીં કરનારની સહાય આપોઆપ રદ થયેલી ગણાશે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણને પોતાને એમ કરવું જરૂરી જણાય તો સહાય મંજૂર કરવા હુકમ હેઠળ ઉપર જણાવેલી શરતો ઉપરાંત બીજી શરતોનું પાલન કરવું આવશ્યક બનાવી શકશે.**

**(ટ) મળેલ સહાયની રકમ અન્ય કોઈ ખાનગી પ્રકાશન કે સંસ્થાને તબદિલ કરી શકાશે નહિ તથા તે માટેની આર્થિક સહાય અન્યત્રેથી મેળવી શકાશે નહીં.**

**(ઠ) આ યોજના હેઠળ અગાઉ અનુસૂચિત જાતિના જે લેખકો, સાહિત્યકારો, સંશોધકો, સર્જકોઅને પી.એચ.ડી. ધારકોને લાભ મળેલ છે તેઓને બીજીવાર આ યોજનાનો લાભ મળવા પાત્ર નથી.**

# <u>એકરાર નામુ</u>

આથી,હું,શ્રી..........................................................................મુ....................

..............................તા.....................,જિ..............................ઉ.વર્ષ...............

તે આથી લેખિત બાંહેધરી આપુ છું કે સરકારશ્રીના તા. ૨૨/૦૫/૨૦૦૨ના ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૦૧/ન.બા.૧૪/ગ, થી અમલમાં મૂકવામાં આવેલ અનુસૂચિત જાતિના લેખકો, સાહિત્યકારકો અને પી.એચ.ડી. ધારકોને તેમના સાહિત્યના પ્રકાશન માટે રૂા. ૧૦,૦૦૦/– સુધીની નાણાકીય સહાય આપવાની મહારાજા સયાજીરાવ ગાયકવાડ અનુસૂચિત જાતિ સાહિત્ય પ્રકાશન સહાય યોજના અન્વયે નિયત કરવામાં આવેલ તમામ શરતો મેં કાળજીપૂર્વક વાંચેલ છે અને તે મને કબૂલ છે મંજૂર છે તથા તમામ શરતો પરિપૂર્ણ કરવાની હું ખાતરી આપુ છું. અમોએ આ યોજના હેઠળ સહાયની કોઈ રકમ આજદિન સુધી મળેલ નથી તેની પણ ખાતરી આપુ છું.

**સ્થળ :**

**તારીખ :** **અરજદારની સહી**